# ડિગ્રી ઈજનેરી પ્રવેશ વર્ષ-૨૦૧૯ ના અરજદારો માટે જાણવા જોગ

ધો. ૧૨ (વિ.પ્ર.) પછીનાં પ્રથમ વર્ષ ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમોની ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત પ્રવેશ વર્ષ - ૨૦૧૯ માટેની પ્રોવીઝનલ મેરીટ યાદી તા. ૧૧-૦૬-૨૦૧૯ ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. જેનાં અનુસંધાને રજિસ્ટ્રેશન કરાવેલ ઉમેદવારોએ એડમીશન કમીટીની ઓનલાઈન રજિસ્ટ્રેશન માટેની વેબસાઈટ **www.gujacpc.nic.in** ની ઉપર પોતાના લોગ-ઈન આઈડીમાં જઈને **Registration Detail** માં મેરીટ ક્રમાંક તથા અન્ય માહિતી ચકાસી લેવા સલાહ આપવામાં આવે છે.

મેરીટ સમાવિષ્ટ તમામ ઉમેદવારોએ મોક રાઉન્ડ માટે ચોઈસ ફિલીંગની કાર્યવાહી તા. ૧૬-૦૬-૨૦૧૯ સુધીમાં પૂર્ણ કરવાની રહેશે. **દરેક વિદ્યાર્થીઓએ શક્ય હોય ત્યાં સુધી પોતાની પસંદગીના અગ્રતા ક્રમમાં મહત્તમ ચોઈસ ભરવા સલાહ આપવામાં આવે છે.**

**Registration Detail** માં મેરીટ ક્રમાંક તથા અન્ય માહિતીમાં કોઈપણ પ્રકારનો સુધારો તથા પૂર્તતા જણાતી હોય, તેવા ઉમેદવારે જરૂરી તમામ દસ્તાવેજો જેવા કે, રજિસ્ટ્રેશન સ્લીપ, માર્કશીટની નકલ અને આનુસાંગીક પ્રમાણપત્રો સાથે પ્રવેશ સમિતિ, એડમિશન કમીટી ફોર પ્રોફેશનલ કોર્સિસ, ગ્રાઉન્ડ ફ્લોર, **ACPC** બિલ્ડીંગ, એલ. ડી. કોલેજ ઓફ એન્જિનીયરીંગ કેમ્પસ, નવરંગપુરા, **અમદાવાદ** ખાતે **તા. ૧૬-૦૬-૨૦૧૯ સાંજે ૦૫-૦૦ કલાક સુધીમાં રૂબરૂ** આવવાનું રહેશે. ત્યારબાદ કોઈપણ પ્રકારની રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહીં. જેની લાગતા વળગતા તમામ ઉમેદવારે નોંધ લેવા વિનંતી.

**તા. ૧૧-૦૬-૨૦૧૯** **— મેમ્બર સેક્રેટરી**